આકાશવાણી, અમદાવાદ

15-12-2025 Midday : 2.30 TO 2.35

Monday Regional News

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગવર્નન્સ પર્ફોમન્સ ઈન્ડેક્સ જીપીઆઇ અંતર્ગત જુદાજુદા વિભાગોની કામગીરીની પ્રગતિ માટે સીએમ ડેશબોર્ડ અંગે ગાંધીનગરમાં આજે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ સાથે વિચાર-વિમર્શ કરીને મુખ્યમંત્રીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.
અત્રે ઉલ્લેખનીય છે કે દેશમાં સુશાસનના રોલ મોડલ માટે પ્રસ્થાપિત થયેલા ગુજરાતમાં યોજનાઓના અમલ સહિતની બાબતોનું યોગ્ય સમયમાં પૂર્ણ કરવાના અભિગમ સાથે પ્રધાનમંત્રીના નેતૃત્વમાં સીએમ ડેશબોર્ડ દેશના અન્ય રાજ્યો માટે જનહિતલક્ષી બને તે માટેનું મંચ છે.
આ બેઠકમાં મુખ્યસચિવ એમ.કે.દાસ મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર હસમુખ અઢિયા સહિત સંબંધિત વિભાગોના સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

## Governor Anand Overnight Stay

રાજયપાલ આચાર્ય દેવવ્રતે આણંદ જીલ્લાના પલોલ ગામની પ્રાથમિક શાળાના સામાન્ય ઓરડામાં રાત્રીવિશ્રામ કર્યો હતો. સાદગીપૂર્ણ રાત્રી વિશ્રામ દરમ્યાન રાજયપાલે ગ્રામ્ય સંસ્કૃતિ અને ગ્રામજીવનને નજીકથી માણવાનો પ્રયત્ન કર્યો હતો.
રાજયપાલે સવારે વહેલા ઉઠીને શાળાના ઓરડામાં યોગ, પ્રાણાયામ સાથે તેમના દિવસની શરૂઆત કરી હતી. ત્યારબાદ શાળામાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. રાજયપાલે વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ કરીને આગળ વધવા માટે પ્રેરણા આપી હતી. તેમજ વ્યક્તિત્વ વિકાસ કરી સમાજ, રાજય અને દેશના વિકાસમાં યોગદાન આપવા પ્રેરણા આપી હતી.

## DWARKA- IG YADAV

દ્વારકા જિલ્લાની મુલાકાતે રેન્જ આઈ.જી.અશોક કુમાર યાદવ આજે ખંભાળિયા પહોંચ્યા હતા.આ દરમિયાન તેમણે દ્વારકા રેન્જનું વાર્ષિક ઈન્સ્પેક્શન કર્યું હતું.ખંભાળિયા પોલીસ મેદાન ખાતે ભવ્ય પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં અંદાજે 144 જેટલા પોલીસ જવાનો તેમજ 40 જેટલા અધિકારીઓએ શિસ્તબદ્ધ રીતે ભાગ લીધો હતો .પરેડ બાદ રેન્જ આઈ.જી.દ્વારા પોલીસ જવાનોની કામગીરી, શિસ્ત અને તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.આ પ્રસંગે રેન્જ આઈ.જી.અશોક કુમાર યાદવે પોલીસ જવાનોને પ્રોત્સાહન આપતા જણાવ્યું કે, કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં પોલીસની ભૂમિકા અત્યંત મહત્વની છે.

## PM Kisan Samman Nidhi-Registry

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના આગામી 22મા હપ્તાનો વિના વિલંબે લાભ મેળવવા માટે કેન્દ્ર સરકારે ખેડૂત આઈડી ફાર્મર રજીસ્ટ્રી નોંધણી ફરજીયાત કરી છે. ગુજરાત રાજયના જે ખેડૂતોએ હજુ સુધી ફાર્મર રજીસ્ટ્રીમાં નોંધણી કરાવવાની બાકી હોય તેવા ખેડૂતોએ સત્વરે નોંધી કરાવી લેવી.
હાલમાં ગ્રામીણ કક્ષાએ ખેડૂતો માટે ઝુંબેશ સ્વરૂપે નોંધણી કરવામાં આવી રહી છે. ખેડૂતોએ જે તે ગામના તલાટી કમ મંત્રી અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો. આ ઉપરાંત ખેડૂતો પોતે ઘરેથી મોબાઈલ એપ્લીકેશનથી પણ નોંધણી કરાવી શકે છે. આ ઉપરાંત કોમન સર્વિસ સેન્ટર સીએસસી અથવા ગ્રામપંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર દ્વારા પણ ખેડૂત નોંધણી કરાવી શકશે.

## Unja Market Yard - Revenue

ઉંઝા ખેતીવાડી ઉત્પન્ન બજારમાં અજમાની આ મહિનામાં સારી આવક થઈ છે. જેનો ભાવ 1300થી 1800 રૂપિયા તેમજ સારી ગુણવતાવાળા અજમાનો ભાવ 1800થી 2300 રૂપિયા સુધી રહ્યો છે.
અત્રે ઉલ્લેખનીય છે કે અજમાની આવક વર્ષમાં બે વખત થાય છે. જેમાં કાઠિયાવાડી અજમાનું વાવેતર ઓગસ્ટ માસમાં થાય છે અને આવક ડિસેંબરમાં થાય છે, તેવી જ રીતે દેશી અજમાનું વાવેતર ડિસેંબરમાં થાય છે. અને તેની આવક માર્ચથી એપ્રિલમાં થાય છે.

## Energy Week Bhuj

ભૂજ વર્તુળ કચેરી દ્વારા ઉર્જા સપ્તાહ દરમ્યાન વીજળીના વપરાશમાં સલામતી અને જાગૃતિ લાવવાના ઉદ્દેશથી રેલી યોજાઇ હતી. આ રેલી ભૂજ શહેરના અનેક વિસ્તારોમાં યોજાઇ હતી જેમાં ભૂજ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેર તપન વોરા સહિત મોટી સંખ્યામાં કંપનીના કર્મચારીઓ જોડાયા હતા. આ રેલીનો ઉદ્દેશ વીજળીની સલામતી અને સામુદાયિક જાગૃતિ લાવવા માટેનો છે.